ટેન્ડર ફોર્મ ડાઉનલોડ કરવાની છેલ્લી તા.૨૯-૦૬-૨૦૧૯ સાંજના ૪.૦૦ કલાક સુધી

ભરેલા ટેન્ડર આપવાની છેલ્લી તા.૨૯-૦૬-૨૦૧૯ સાંજના ૪.૦૦ કલાક સુધી

**ક્રમાંક: આઈઈબી/વહીવટ/૨૦૧૯**
**ઈન્ડસ્ટ્રીયલ એક્ષ્ટેન્શન બ્યૂરો**
**બ્લોક નં.૧૮, બીજે માળ**
**ઉધોગભવન, ગાંધીનગર**

# વાહન ભાડે રાખવાનું ટેન્ડર

## સમયગાળોઃ તા.૧-૮-૨૦૧૯ થી તા.૩૧-૭-૨૦૨૦

## કોન્ટ્રાકટથી વાહન ભાડે આપનાર ટ્રાવેલ એજન્સી માટેની સામાન્ય શરતો

| | |
|---|---|
| ટેન્ડર બહાર પાડવાની તારીખ | તા.૦૬-૦૬-૨૦૧૯થી તા.૨૯-૦૬-૨૦૧૯ સુધીમાં ટેન્ડર ડોકયુમેન્ટ કચેરીની વેબસાઇટ www.indextb.com પરથી ડાઉનલોડ કરી શકાશે. |
| ટેન્ડર (ફીઝીકલ) જમા કરાવવાની વિગત | તા.૨૯-૦૬-૨૦૧૯ના રોજ સાંજે ૪.૦૦ કલાક સુધી નીચેના સરનામે<br>મેનેજિંગ ડિરેકટર<br>ઇન્ડસ્ટ્રીયલ એક્ષ્ટેન્શન બ્યૂરો (ઇન્ડેક્ષ્ટબી)<br>બ્લોક નં.૧૮, બીજો માળ, ઉધોગભવન<br>સેકટર-૧૧, ગાંધીનગર-૩૮૨ ૦૧૧<br>ફોનઃ ૦૭૯-૨૩૨૫૦૪૯૨/૯૩ |
| પ્રી-બીડ મિટીંગ અને સ્થળ મુલાકાત | તા.૧૩-૦૬-૨૦૧૯ના રોજ સાંજે ૪.૦૦ કલાકે નીચેના સરનામે<br>ઇન્ડસ્ટ્રીયલ એક્ષ્ટેન્શન બ્યૂરો (ઇન્ડેક્ષ્ટબી)<br>બ્લોક નં.૧૮, બીજો માળ, ઉધોગભવન<br>સેકટર-૧૧, ગાંધીનગર-૩૮૨ ૦૧૧<br>પૂછપરછ માટે સંપર્ક નં. ડો. મનિષ શાહ, જનરલ મેનેજર (વહીવટ)<br>૦૭૯ ૨૩૨૫૧૬૪૯ |
| ટેન્ડર ખોલવાની તારીખ | તા.૦૪-૦૭-૨૦૧૯ ના રોજ સાંજે ૪.૦૦ કલાકે નીચેના સરનામે<br>મેનેજિંગ ડિરેકટર<br>ઇન્ડસ્ટ્રીયલ એક્ષ્ટેન્શન બ્યૂરો (ઇન્ડેક્ષ્ટબી)<br>બ્લોક નં.૧૮, બીજો માળ, ઉધોગભવન<br>સેકટર-૧૧, ગાંધીનગર-૩૮૨ ૦૧૧<br>ફોનઃ ૦૭૯-૨૩૨૫૦૪૯૨/૯૩<br>નોંધઃ તારીખ અને સમયમાં કોઇ ફેરફાર હશે તો તે અંગે અગાઉથી જાણ કરવામાં આવશે. |
| કરારનો સમયગાળો | એક વર્ષ (તા.૦૧-૦૮-૨૦૧૯ થી તા.૩૧-૦૭-૨૦૨૦) |
| ટેન્ડર પ્રોસેસિંગ ફી | રૂા.૧,૦૦૦.૦૦ (એક હજાર) - (પરત નહિ મળવાપાત્ર)<br>રોકડેથી અથવા ડિમાન્ડ ડ્રાફટથી ટેન્ડર રજૂ કરતી વખતે કરાવવાની રહેશે. |
| અર્નેસ્ટમની ડિપોઝીટ | ટેન્ડર જમા કરાવતી વખતે/ટેકનિકલ બીડ રજૂ કરતી વખતે "ઇન્ડસ્ટ્રીયલ એક્ષ્ટેન્શન બ્યૂરો, ગાંધીનગર"ની તરફેણમાં લખાયેલ રૂા.૧,૦૦,૦૦૦/- (અંકે રૂપિયા એક લાખ પૂરા)નો રાષ્ટ્રિયકૃત બેન્કનો ડિમાન્ડ ડ્રાફટ બિડવાનો રહેશે, જે અનસેકસેસ ફુલ બીડરને પરત આપવામાં આવશે. (વેલીડીટી-૬ માસ) |
| સિકયુરીટી ડિપોઝીટ | રૂા.૩,૦૦,૦૦૦/- (અંકે રૂપિયા ત્રણ લાખ) જે ઇન્ડેક્ષ્ટબી કચેરી ધ્વારા જમા રાખવામાં આવશે અને કરાર પૂર્ણ થયેથી તે પરત કરવામાં આવશે. (વેલીડીટી-૧૮ માસ) |

# જાહેર નોટિસ

૧. સદર ટેન્ડર સીલબંધ બે અલગ અલગ કવરમાં તા.૨૯-૦૬-૨૦૧૯ના રોજ સાંજના ૪.૦૦ કલાક સુધીમાં પહોંચતા કરવાના રહેશે. નિયત સમયમર્યાદા બાદ મળેલ ટેન્ડર કોઈપણ સંજોગોમાં ગણતરીમાં લેવામાં આવશે નહિ. જો સંજોગોવશાત્ ટેન્ડર રજૂ કરવાની અંતિમ તારીખને જાહેર રજા તરીકે ધોષિત કરવામાં આવશે તો ટેન્ડર તે પછીના દિવસે સાંજના ૪.૦૦ કલાક સુધીમાં સ્વીકારવામાં આવશે.

૨. ટેન્ડર ઉપસ્થિત ટેન્ડર ભરનાર ઈજારદારોની હાજરીમાં તા.૦૪-૦૭-૨૦૧૯ના રોજ સાંજના ૪.૦૦ કલાકે ખોલવામાં આવશે. ટેન્ડર ખોલવાના સમયે ઈજારદાર અથવા તેના અધિકૃત પ્રતિનિધિ (મૂળ ઈજારદારની લેખિત સંમતિથી) હાજર રહી શકશે. જો સંજોગોવશાત્ તા.૦૪-૦૭-૨૦૧૯ના રોજ જાહેર રજા ધોષિત કરવામાં આવશે તો ટેન્ડર તે પછીના દિવસે સાંજના ૪.૦૦ કલાકે ખોલવામાં આવશે.

૩. અર્નેસ્ટમની ડિપોઝીટ રૂ.૧,૦૦,૦૦૦/- (ડિમાન્ડ ડ્રાફ્ટ પરત મળવાપાત્ર) અને ટેન્ડર ફી રૂ.૧,૦૦૦/- (રોકડા/ડિમાન્ડ ડ્રાફ્ટ પરત નહિ મળવાપાત્ર) રહેશે, જે ટેન્ડર સાથે ડિમાન્ડ ડ્રાફ્ટ સ્વરૂપમાં મોકલવાની રહેશે. ડિમાન્ડ ડ્રાફ્ટ ઇન્ડેક્ષ્ટબીના નામનો પેએબલ એટ ગાંધીનગર હોવો જરૂરી છે. વધુમાં, ટેન્ડર માટે પસંદ થયેલ પાર્ટીની અર્નેસ્ટમની ડિપોઝીટ કચેરી ધ્વારા જમા રાખવામાં આવશે અને અન્ય પાર્ટીઓ કે જે પસંદ ન થઇ હોય તેમને તેમની અર્નેસ્ટમની ડિપોઝીટ પરત કરી દેવામાં આવશે. પસંદ થયેલ પાર્ટી કરારની શરતોનું પાલન ન કરે અને કરાર સ્વીકારવાની ના પાડે તો અર્નેસ્ટમની ડિપોઝીટ જપ્ત કરવાની સત્તા/હકક ઇન્ડેક્ષ્ટબી અબાધિત રાખે છે.

## પાત્રતા

૪. ટેન્ડર ભરનાર પાસે પોતાની સ્વતંત્ર માલિકીના સ્વીફ્ટ, ડિઝાયર, ટાટા ઈન્ડીગો, સુમો, ઈનોવા તેમજ પ્રિમિયર વાહનોની માલિકી/રજિસ્ટ્રેશન હોવું જરુરી છે તથા તેની યાદી જરુરી આધારો સાથે અલગથી બિડવાની રહેશે. તમામ વાહનો ટેક્ષી પાસીંગવાળા જ હોવાં ફરજિયાત છે, જે ટેન્ડરની પૂર્વ લાયકાત છે. ટેન્ડરની પૂર્વ લાયકાતની વિગતો તેમજ ભાવપત્રક (પ્રાઈસબીડ) અલગ અલગ કવરમાં બિડવાનાં રહેશે તેમજ તે કવર ઉપર પૂર્ણ લાયકાતોની વિગતો કે ભાવપત્રક સ્પષ્ટ લખવાનું રહેશે. જે પાર્ટી ટેકનિકલ બીડમાં લાયક ઠરશે તે જ પાર્ટીના પ્રાઈસબીડ ખોલવામાં આવશે. ટેકનિકલબીડના સીલબંધ કવરમાં અર્નેસ્ટમની ડિપોઝીટ અને ટેન્ડર ફીનો રોકડા ભરેલની રસીદ/ ડિમાન્ડ ડ્રાફ્ટ બિડવાનો રહેશે. આ સિવાયનાં ટેન્ડર ધ્યાનમાં લેવામાં આવશે નહિ.

૫. ટેન્ડર ભરનાર છેલ્લાં ૧૦ વર્ષથી ટ્રાન્સપોર્ટેશનના ધંધામાં કાર્યરત હોવા જોઇએ.

૬. ઇજારદારનું છેલ્લા ત્રણ વર્ષનું ટર્નઓવર ટ્રાવેલ એજન્સી એટલે કે વાહનો ભાડે આપવાના ધંધામાં વાર્ષિક સરેરાશ રૂ.૩.૦૦ કરોડથી વધારે હોવું જોઇએ. આ અંગે ચાર્ટડ એકાઉન્ટન્ટનું સર્ટિફિકેટ તેમજ ઓડિટેડ બેલેન્સશીટ પુરાવા તરીકે સાથે બિડવાનું રહેશે.

૭. ટેન્ડર ભરનાર ઇજારદારે છેલ્લા ત્રણ નાણાંકીય વર્ષમાં આશરે રૂ.૨૫ લાખના એક એવા ઓછામાં ઓછા બે ઓર્ડર ધ્વારા સરકારી/અર્ધ સરકારી/બોર્ડ-નિગમમાં વાહનની સેવા પૂરી પાડેલી હોવી જોઇએ. આ અંગેનો વર્કઓર્ડર, વર્ક કમ્પ્લીશન સર્ટિફિકેટ અને કરારની નકલ સાથે બિડવાનું રહેશે.

## અન્ય સૂચનાઓ

૮. ટેન્ડર ભરનાર ઈજારદારે પોતાનો જીએસટી નંબર તથા પાનકાર્ડ નંબર ભાવપત્રકના ટેન્ડરમાં અવશ્ય દર્શાવવાનો રહેશે તથા તેની પ્રમાણિત નકલ બિડવી આવશ્યક છે.

૯. ટેન્ડર ભરનાર ઈજારદારે પૂર્વ લાયકાતની વિગતોનું કવર અલગ બિડવું, જેમાં સંમતિપત્રક, વાર્ષિક ટર્નઓવરની વિગતો અંગેનું ચાર્ટડ એકાઉન્ટન્ટનું પ્રમાણપત્ર, છેલ્લા ત્રણ વર્ષમાં ૨૫ લાખનો એક એવા બે ઓર્ડરની નકલ, સર્વિસટેક્ષ, પાનકાર્ડની નકલ, અર્નેસ્ટમની ડિપોઝીટનો ડિમાન્ડ ડ્રાફ્ટ બિડવાનો રહેશે તેમજ ભરેલ ભાવપત્રકોનું કવર અલગ બિડવું.

૧૦. જે ઈજારદારનું ટેન્ડર મંજૂર થાય તેઓએ રુ.૩,૦૦,૦૦૦/-ની સિકયુરીટી ડિપોઝીટ ભરવાની છે, જે કરારના સમયગાળા દરમિયાન રાખવામાં આવશે. જેના પર કોઇ વ્યાજ ચૂકવવામાં આવશે નહિ.

૧૧. કરારનો પ્રારંભિક સમયગાળો એક (૧) વર્ષનો રહેશે. કરારનો સમયગાળો મંજૂર કરેલ શરતોએ વધુ એક થી બે વર્ષ માટે વધારવાનો હકક ઇન્ડેક્ષ્ટબી અબાધિત રાખે છે.

૧૨. ઈન્ડેક્ષ્ટબીની જરુરિયાત અનુસાર કરારના સમયગાળા દરમિયાન જે વાહન પૂરું પાડવામાં આવે તે ૨૦૧૬ પછીનું મોડલ અને આર.ટી.ઓ. પાસીંગ હોવું જોઇએ અને તે તમામ રીતે (યાંત્રિક તથા સીટ તથા અન્ય આંતરિક સગવડતાઓ સાથે) સારી સ્થિતિમાં હોવું જોઇએ. વાહન ફાળવ્યા બાદ ઈન્ડેક્ષ્ટબી કચેરીની સંમતિ વગર તેને બદલી શકાશે નહીં.

૧૩. ઉપરાંત માસિક ભાડે રાખવાના વાહન માટે વાહન પ્રતિમાસ ૩,૦૦૦ કિ.મી.ના વપરાશ માટે ભાડે રાખવાના છે, જે માટે ૩,૦૦૦ કિ.મી.ના ઉચ્ચક ભાવ ઈજારદારે દર્શાવવાના રહેશે. આ મર્યાદાની ઉપર વપરાશ થતાં પ્રતિ કિ.મી. મુજબ ભાડું અલગથી ચૂકવવામાં આવશે. ઈન્ડેક્ષ્ટબીની કામગીરી માટે મોકલવામાં આવતા વાહનોનો પૂરો વીમો હોવો જોઇએ. ઈજારદાર ધ્વારા જે વાહન ઈન્ડેક્ષ્ટબીમાં મૂકવામાં આવે તે આર.ટી.ઓ. બુકની તથા વીમાની નકલ ડ્રાયવરનું લાયસન્સ વિગેરે જેવી વિગતો કરાર કરવાના સમયે નિયંત્રણ અધિકારીશ્રીને રજૂ કરવાની રહેશે. અન્યથા વાહન સ્વીકારવામાં આવશે નહીં. તેમજ ફાળવેલ ડ્રાયવર ઈજારદારે સંજોગોવશાત્ બદલતાં પહેલા નવા મૂકવામાં આવતા ડ્રાયવરના લાયસન્સ સહિતની વિગતો રજૂ કરી કચેરીના નિયંત્રણ અધિકારીની મંજૂરી મેળવી ત્યારબાદ ડ્રાયવર બદલવાના રહેશે. વાહન તથા ધંધાને લગતા અન્ય કોઇપણ વેરા જેવા કે કોન્ટ્રાકટ ટેક્ષ, આર.ટી.ઓ. ટેક્ષ, મ્યુનિસિપલ ટેક્ષ, લાયસન્સ ફી, નોંધણી ખર્ચ, દંડ વિગેરે ઈજારદારે જ ભોગવવાના રહેશે. ડ્રાયવરને સંલગ્ન પગાર તથા અન્ય લાભો કાયદા મુજબ ચૂકવવાની જવાબદારી ઈજારદારની જ રહેશે. કચેરીને જરુર પડે વધારાના વાહન પણ ઈજારદારે મંજૂર થયેલ ભાવે પૂરા પાડવાના રહેશે. કચેરીની જરુરિયાત મુજબના વાહનો જે તે સમયે જાણ કર્યેથી માંગણી મુજબના સ્થળે પૂરા પાડવાના રહેશે. વાહનના કિલોમીટર કચેરીએથી અથવા પ્રવાસ માટે નિકળવાના નિયત કરેલ સ્થળેથી શરુ થશે અને કચેરી અથવા નિયત કરેલ સ્થળે પરત આવતાં પૂરા થયેલ ગણાશે.

માસિક દરથી ભાડે રાખવામાં આવનાર વાહનનું મુખ્ય મથક ગાંધીનગર રહેશે. જેમાં ગેરેજથી ફરજનાં સ્થળ સુધીના કિ.મી.-૫ આવતા અને જતાના કિ.મી.-૫ ગણી કુલ વપરાશનાં કિ.મી.માં ઉમેરવામાં આવશે. ઈજારદારના પ્રત્યેક માસના બિલની રકમમાંથી કાયદાકીય જોગવાઇ અનુસાર ટીડીએસ તથા અન્ય જે તે સમયે લાગુ પડતા ટેક્ષ વિગેરેની કપાત કરી બાકીની રકમનું ચૂકવણું કરવામાં આવશે. માસ પૂરો થયેથી ટેક્ષ નંબર સહિતનું બિલ (બે નકલમાં) તથા લોગબુકની (બે ઝેરોક્ષ નકલ) ઈજારદારના સહી/સિકકા સાથે સામેલ રાખી રજૂ કરવાની રહેશે.

૧૪. ટેન્ડર ખૂલ્યા બાદ કોઇપણ ઈજારદાર તેનું ટેન્ડર પરત ખેંચી શકશે નહીં.

૧૫. મંજૂર થયેલ ભાવો સિવાય અન્ય કોઈપણ ચાર્જિસ મેળવી શકાશે નહીં. ટોલટેક્ષ અને પાર્કીંગ ચાર્જ જે તે માસના બિલમાં ખર્ચના અસલ વાઉચર રજૂ કર્યેથી ઈન્ડેક્ષ્ટબી કચેરી ચૂકવશે. ગાડીનો ડિઝલ/પેટ્રોલ/ઓઈલ વગેરે બળતણનો તમામ ખર્ચ, ડ્રાયવરનો પગાર/ભથ્થા ખર્ચ તથા મેઈન્ટેનન્સ સહિત અન્ય તમામ પ્રકારના ગાડી/ડ્રાયવર ખર્ચાઓ ઈજારદારે ભોગવવાનો રહેશે. વાહનના સંચાલન માટે કોઈ એડવાન્સ કે ખર્ચ પેટે પેશગી ઈન્ડેક્ષ્ટબી તરફથી આપવામાં આવશે નહિ.

૧૬. વાહનના વપરાશ અંગેની લોગબુક ઈજારદારના ડ્રાયવરે અદ્યતન નિભાવવાની રહેશે, જેમાં જરુરી વિગતો કિ.મી., સમય, પ્રવાસનો હેતુ, વિગેરે લખાવીને ઉપયોગ કરનાર અધિકારીની સહી પ્રવાસ પૂર્ણ થયે તરત જ મેળવવાની રહેશે.

૧૭. કચેરી સાથેના કરારના સમયગાળા દરમિયાન થતા અકસ્માતથી વાહન/પ્રવાસીને જો કોઇ નુકશાન/ઇજા/મૃત્યુ થાય તો તે અંગે ઈન્ડેક્ષ્ટબીની કોઇ નાણાંકીય કે કાયદાકીય જવાબદારી રહેશે નહીં. આવા સંજોગોમાં સદર બનાવ અંગેની તમામ કાર્યવાહી તથા જવાબદારી ઈજારદારના શીરે રહેશે. વાહનમાં પ્રવાસ કરતા ઈન્ડેક્ષ્ટબીના સ્ટાફ/સરકારી અધિકારી/કર્મચારી/મુલાકાતી પ્રવાસીના પ્રવાસ દરમિયાન વાહન અકસ્માતના કારણે થયેલ ઈજા/મૃત્યુ વગેરે પ્રસંગ પ્રવર્તમાન કાયદાના ધોરણે અસર પામનાર પ્રવાસીને કેસના ગુણદોષ નજરે વળતર ચૂકવવા ઈજારદાર બંધાયેલા રહેશે. વીમાની કલેઈમની સમય મર્યાદા માટે પણ ઈજારદાર જવાબદાર રહેશે.

૧૮. ઈજારદાર ધ્વારા ભરવામાં આવેલ ભાવ ટેન્ડર ખોલવાથી દિન-૬૦ સુધી માન્ય ગણવાના રહેશે. જે સમયગાળા દરમિયાન ઈજારદાર આ ભાવ પરત ખેંચી શકશે નહીં. આ સમયગાળા દરમિયાન કચેરી ટેન્ડર પ્રક્રિયા પૂર્ણ કરાશે.

૧૯. ટેન્ડર ખૂલ્યા બાદ કચેરી ધ્વારા જરૂર જણાયે પ્રથમ ક્રમે નીચા ભાવ, આવેલ ભાવ, ભાવના ઇજારદાર સાથે ભાવ સંબંધી વાટાઘાટો કરી જે ભાવ નકકી થાય તે ભાવ ઇજારદારશ્રીને બંધનકર્તા રહેશે. ઇજારદારશ્રી આ બાબતે ટેન્ડરની શરતો અથવા ટેન્ડર સ્વીકારવાની ના પાડશે તો અર્નેસ્ટમની ડિપોઝીટ જપ્ત કરવાનો હકક અબાધિત રહેશે. તથા

૨૦. જે ઈજારદારનું ટેન્ડર મંજૂર થશે તો તેમણે દિન-૭માં આ અંગેની સ્વીકૃતિ અંગે સહી/સિકકા કરવાના રહેશે.

૨૧. કરાર દરમિયાન વાહન બગડે કે સર્વિસીંગ-રિપેરીંગ કરાવવાની જરુરિયાત ઉભી થાય તો નિયંત્રક અધિકારીશ્રીની પૂર્વ મંજૂરી તે જ પ્રકારનું કે તેની સમકક્ષ વાહન ફાળવવાનું રહેશે અને આ સંજોગોમાં મૂળ વાહન વધુમાં વધુ દિન-૩માં ઈન્ડેક્ષ્ટબીમાં પરત મૂકવાનું રહેશે. સમકક્ષ વાહન ફાળવવાને બદલે અન્ય વાહન ફાળવવામાં આવે તેવા સંજોગોમાં તે દિવસ માટેનું વાહનભાડું માસિક ધોરણે ફાળવાયેલ વાહન અંગેના માન્ય કરાયેલ દર કરતાં વધુ દરે ચૂકવવામાં આવશે નહીં. ફાળવેલ વાહનમાં કોઈપણ જાતની મુશ્કેલી ઉભી થાય કે પ્રવાસ દરમિયાન બ્રેકડાઉનના પ્રસંગે બીજી ગાડીની વ્યવસ્થા વધારાના કોઈપણ પ્રકારના ભાડા કે ચાર્જ વગર ઈજારદારે તાત્કાલિક કરી આપવાની રહેશે. ઈજારદાર તેમ કરવામાં નિષ્ફળ જશે તો વૈકલ્પિક વ્યવસ્થા માટેનો જે કોઇ ખર્ચ થશે તો તે ખર્ચે અને જોખમે અન્ય વાહન રાખવા ફરજ પડશે. કોઇ વિવાદાસ્પદ બાબતમાં આ કચેરીના મેનેજિંગ ડિરેકટરશ્રીનો નિર્ણય આખરી રહેશે. જયારે વાહન મંગાવવામાં આવે ત્યારે ઈજારદાર તરફથી વાહન મોકલવામાં ન આવે તેવા સંજોગોમાં અન્ય વ્યવસ્થા કરવા આ કચેરી અધિકૃત રહેશે. આ અંગેનો જે કોઈ વધારાનો ખર્ચ થશે તે ઈજારદાર પાસેથી વસૂલ કરવામાં આવશે.

૨૨. ડ્રાયવર સમજદાર, વિનય-વિવેકથી ફરજ બજાવે તેવો, ડ્રાઈવીંગના કામકાજનો અનુભવી, શિસ્તબધ્ધ અને યુનિફોર્મવાળો વ્યસનમુકત હોવો જોઈએ. વાહન સાથે ફાળવવામાં આવેલ ડ્રાયવરઈન્ડેક્ષ્ટબીને અનુકૂળ ન જણાય તો બદલી આપવાનો રહેશે અને જે ડ્રાયવર વાહન સાથે ફાળવવામાં આવે તે સત્તા અધિકારીની પૂર્વ મંજૂરી વગર બદલી શકાશે નહીં. વાહન ચલાવનાર ડ્રાયવર પાસે વાહન ચલાવવાનું વેલીડ લાયસન્સ, વાહનની આર.ટી.ઓ. બુક, વીમા પોલીસીની નકલ, સચિવાલયનો પ્રવેશ પાસ, વિગેરે કાયમી ઉપલબ્ધ હોય તે જરુરી છે, જે જોવાની જવાબદારી કોન્ટ્રાકટરના શીરે રહેશે.

૨૩. કરાર દરમિયાન વાહનની જરુરિયાત હોય અને વાહન સમયસર કચેરીને ઉપલબ્ધ ન કરાય તો એક કલાકના રુા.૧૦૦/- લેખે પેનલ્ટી આપવાની રહેશે. કરારના સમયગાળા દરમિયાન ઈજારદાર જરુરિયાત અનુસાર યોગ્ય સમયે વાહન ફાળવશે નહીં અથવા વાહન સમયસર ઉપલબ્ધ ન થાય તેવા સંજોગોમાં પ્રતિદિન રુા.૫૦૦/- લેખે દંડ બિલમાંથી કપાત કરવામાં આવશે. આવા સંજોગોમાં અન્ય વાહન ભાડે મેળવવામાં આવે તે માટે વધારાનું ભાડું તથા અન્ય ખર્ચ (માન્ય પ્રતિ કિ.મી. દીઠ કરારના ભાવ ઉપરાંત) જો ઈન્ડેક્ષ્ટબી ધ્વારા ભોગવવાના થાય તો તે રકમ બિલની રકમમાંથી કપાત કરવામાં આવશે.

૨૪. ભાડે રાખેલ વાહનની સફાઇ નિયમિતપણે કરવાની રહેશે તેમજ વાહનની તમામ એસેસરી અંગેની સુવિધા વાહનમાં ઉપલબ્ધ રાખવાની રહેશે તેમ કરવામાં ચુક થશે તેવા સંજોગોમાં પ્રતિદિન રુા.૫૦૦/-ની પેનલ્ટીની રકમ બિલમાંથી કપાત કરવામાં આવશે.

૨૫. ડ્રાયવરને ઈજારદાર ધ્વારા ચાલુ હાલતમાં મોબાઈલ ફોન પૂરો પાડવામાં આવેલ હોવો જોઇશે જેનું આનુષાંગિક ખર્ચ ઈજારદારે ભોગવવાનું રહેશે.

૨૬. કરાર સંબંધિત કોઈપણ પ્રકારના સ્પર્શતા પ્રશ્નો અંગે કચેરીના મેનેજિંગ ડિરેકટરશ્રીનો નિર્ણય આખરી અને સૌને બંધનકર્તા રહેશે.

૨૭. કરારના સમયગાળા દરમિયાન ઈજારદાર તરફથી કોઈપણ પ્રકારની શરતનો ભંગ થશે અને કચેરીને અવરોધરુપ જણાશે તો ઈન્ડેક્ષ્ટબી આ બન્ને પ્રસંગોએ તુરત જ કરારનો અંત કરી શકાશે. જો ઈજારદારને કરાર ચાલુ રાખવાની ઈચ્છા ના હોય તો દિન-૩૦ની નોટીસ આપી સદર કરારનો અંત લાવી છુટા થઇ શકશે. જો ઈજારદાર કરાર કર્યા બાદ એક વર્ષનો સમયગાળો પૂર્ણ થાય તે પહેલા કરારનો અંત લાવવા માંગશે તો તેમણે એક માસની નોટીસ આપવાની રહેશે જ પરંતુ તે સંજોગોમાં તેમની સિકયુરીટી ડિપોઝીટ જપ્ત થશે.

૨૮. કચેરી ધ્વારા કોઈપણ ટેન્ડર સ્વીકારવાનો અથવા તમામ કે કોઈપણ ટેન્ડરનો અસ્વીકાર કરવાનો હકક (કોઈપણ કારણ આપ્યા સિવાય) અબાધિત રાખવામાં આવે છે, જે તમામને બંધનકર્તા રહેશે.

૨૯. ઈજારદારે મહિનાના અંતે, પછીના માસની પાંચમી તારીખ સુધીમાં બિલ ટેક્ષ સાથેનું રજૂ કરવાનું રહેશે, જેનું ચૂકવણું બિલ મળ્યેથી બનતી ત્વરાએ કરવામાં આવશે.

૩૦. વાહનનો ઉપયોગ ગુજરાત રાજયના કોઈપણ ભાગમાં જવા-આવવા માટે કરવાનો હોઇ, તે પ્રમાણે વ્યવસ્થા કરવાની રહેશે. બળતણ અને નિભાવણી માટે જરુરી એડવાન્સ પ્રવાસ દરમિયાન ડ્રાયવર હસ્તક ઈજારદારે આપવાનું રહેશે. પ્રસંગોપાત અન્ય રાજયમાં જવાનું થાય તો તે માટે પણ વ્યવસ્થા કરવાની રહેશે.

૩૧. ભાડે લેવામાં આવતાં વાહનો સરકારી કામકાજ અર્થે હોવાથી આ વાહનો ઉપર આર.ટી.ઓ.નાં નિયમો મુજબ નંબર પ્લેટ સિવાયનું કોઇ લખાણ હોવું જોઇશે નહિ.

૩૨. વાહન ભાડે રાખવાનો કરાર આ કચેરી ગમે ત્યારે અગાઉથી જાણ કરીને રદ કરી શકશે.

૩૩. કોઇપણ પ્રકારની કાનુની કાર્યવાહી ગાંધીનગરની કોર્ટની હકુમતને આધિન રહેશે.

૩૪. વાહન પર કોઇપણ પ્રકારની જાહેરાત પ્રદર્શિત કરી શકાશે નહિ.

૩૫. વાયબ્રન્ટ ગુજરાત સમિટ કે અન્ય સમિટના સમયે વધારે સંખ્યામાં વાહનો પણ મંજૂર થયેલા ભાવે ઇન્ડેક્ષ્ટબી કચેરી જણાવે તો એ જ ભાવે પૂરા પાડવાના રહેશે. આ અંગે અત્રેની કચેરી ધ્વારા તૈયાર કરવામાં આવેલ સોફ્ટવેરનો ઉપયોગ કરવાનો રહેશે.

**કચેરીની ઉપરોક્ત સિવાયની કોઇ વધારાની શરત ઇજારદાર તેમના ભાવપત્રકમાં દર્શાવશે તો તેવી શરતો કચેરી સ્વીકારશે નહિ.**

જનરલ મેનેજર (વહીવટ)
ઇન્ડેક્ષ્ટબી, ગાંધીનગર

**ઇજારદારની સહી :** ____________________

**ઇજારદારનું નામ :** ____________________

**સિક્કો :** ____________________

## સં મ તિ પત્ર

**આથી હું નીચે સહી કરનાર ______________________________________**
**મેસર્સ ____________________ના માલિક/ભાગીદાર તરીકે ઉપરોક્ત સર્વે શરતો અને વિગતો મેં કાળજીપૂર્વક વાંચી છે, અને સંપૂર્ણ સમજપૂર્વક આ સાથેના પત્રકમાં મારી/અમારી પેઢી/કંપનીના ભાવ ભરી સામેલ કરેલ છે.**

**ઉપરોક્ત સર્વે શરતો નં.૧ થી ૩૫ અને વિગતો મને/અમારી પેઢી/કંપનીને તથા સર્વે ભાગીદારો/માલિકોને/ડિરેક્ટર્સને કબૂલ મંજૂર અને સંપૂર્ણપણે બંધનકર્તા રહેશે.**

**સહી :** ____________________

**કંપનીનું નામ :** ____________________

**તથા સિક્કો :** ____________________

**ટેલિફોન નંબર :** ____________________

# વાહન ભાડે રાખવા અંગેનું ભાવપત્રક – ૨૦૧૯-૨૦

| ક્રમ | ગાડીનો પ્રકાર | ભાવ રૂપિયા |
|---|---|---|
| ૧. | લકઝરી બસ (૧૪/૧૯/૨૭/૪૦/૫૬ કેપેસીટી)<br>૩૦૦ કિ.મી./ દિવસ<br>બધા ખર્ચ સહિત<br>ટોલ ટેક્ષ અલગથી ચૂકવવામાં આવશે. (As Per Actual) | ૧૪ સીટરનો ભાવઃ<br>૧૯ સીટરનો ભાવઃ<br>૨૭ સીટરનો ભાવઃ<br>૪૦ સીટરનો ભાવઃ<br>૫૬ સીટરનો ભાવઃ |
| ૨. | ઇન્ડિગો સમકક્ષ ગાડી (અમદાવાદથી ગાંધીનગર ૩૦૦૦ કિ.મી. ૩૦ દિવસ) રોજના ૧૦૦ કિ.મી. જરૂર પડયેથી રજાના દિવસે અથવા સૂચના મુજબ પણ આવવાનું રહેશે. | ઉચ્ચકઃ |
| ૨/અ. | વધારાના કિ.મી. દીઠ ભાવ | (ભાવ પ્રતિ. કિ.મી.) |
| ૩. | ઇનોવા ક્રિસ્ટા ગાડી (અમદાવાદથી ગાંધીનગર ૩૦૦૦ કિ.મી. ૩૦ દિવસ) રોજના ૧૦૦ કિ.મી. જરૂર પડયેથી રજાના દિવસે અથવા સૂચના મુજબ પણ આવવાનું રહેશે. | ઉચ્ચકઃ |
| ૩/અ. | વધારાના કિ.મી. દીઠ ભાવ | (ભાવ પ્રતિ. કિ.મી.) |
| ૪. | ૪ કલાક ૪૦ કિ.મી. દીઠ ભાવ (ઇન્ડિગો સમકક્ષ ગાડી) | |
| ૫. | ૮ કલાક ૮૦ કિ.મી. દીઠ ભાવ (ઇન્ડિગો સમકક્ષ ગાડી) | |
| ૫/અ. | વધારાના કિ.મી. દીઠ ભાવ | |
| ૬. | ૪ કલાક ૪૦ કિ.મી. દીઠ ભાવ (ઇનોવા ક્રિસ્ટા અથવા સમકક્ષ ગાડી) | |
| ૭/અ. | ૮ કલાક ૮૦ કિ.મી. દીઠ ભાવ (ઇનોવા ક્રિસ્ટા અથવા સમકક્ષગાડી) | |

નોંધઃ

ઉપરોકત ગાડીના કિ.મી.ની ગણતરી સૂચવેલ પીકઅપ અને ડ્રોપ પોઇન્ટ પ્રમાણે કરવામાં આવશે.

ઉપરોકત ક્રમના ભાવનું મૂલ્યાંકન નીચે મુજબ કરવામાં આવશે અને જે બીડરના ભાવ (એકત્રિત) સોથી ઓછા હશે તેને નેગોસિએશન કરવા માટે આમંત્રણ આપવામાં આવશે.

ક્રમ નં.૧ - ૫ %
ક્રમ નં.૨ - ૬૦ %
ક્રમ નં.૩ - ૫ %
ક્રમ નં.૪ - ૫ %
ક્રમ નં.૫ - ૧૦ %
ક્રમ નં.૬ - ૫ %
ક્રમ નં.૭ - ૧૦ %